# ગુજરાત લોકભવનમાં ઐતિહાસિક શ્રીરામકથાનો પ્રારંભ

## શ્રીરામનું જીવન એ માત્ર શ્રદ્ધાનો વિષય નહીં, પણ જીવન જીવવાની કળા છેઃ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી



કમલમ્,

ગાંધીનગર સ્થિત ગુજરાત લોકભવન ખાતે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના માર્ગદર્શન હેઠળ ગુજરાત લોકભવનના ઈતિહાસમાં પ્રથમ વખત શ્રીરામકથાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ધાર્મિક અને સાંસ્કૃતિક મહોત્સવના પ્રથમ દિવસે સુપ્રસિદ્ધ કથાવાચક આચાર્ય શ્રી કુલદીપજી મહારાજ દ્વારા શ્રીરામકથાનું મહત્વ, તેની પૃષ્ઠભૂમિ અને પ્રભુ શ્રીરામના આદર્શ વ્યક્તિત્વ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. આ પ્રસંગે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, મર્યાદા પુરુષોત્તમ શ્રીરામનું જીવન માત્ર શ્રદ્ધા કે નમન કરવા પૂરતુ સીમિત નથી. તેમનું જીવન એ જીવન જીવવાની કળા છે. એક આદર્શ પુત્ર, આદર્શ ભાઈ, આદર્શ પતિ અને આદર્શ રાષ્ટ્રસેવક રાજા કેવા હોવા જોઈએ, તે રામાયણના વિવિધ પ્રસંગોમાંથી શીખવા મળે છે. શ્રીરામ કથા ફક્ત સાંભળવા ખાતર નહીં, પરંતુ તેને જીવનમાં ઉતારવાથી જીવનની વ્યથાઓ દૂર થતી હોવાનું જણાવી રાજ્યપાલશ્રીએ ઉપસ્થિત જનમેદનીને આ કથાનો લાભ લેવા અને તેમાંથી જીવનઘડતરની પ્રેરણા મેળવવા અનુરોધ કર્યો હતો. રાજ્યપાલશ્રીએ આ કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત રહેલા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો આભાર માનતા તેમની કાર્યશૈલીની પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, અત્યંત વ્યસ્ત હોવા છતાં મુખ્યમંત્રીશ્રી સતત જનસેવા માટે કાર્યરત રહે છે. તાજેતરમાં જ ટ્રેનપ્રવાસ કરી એક ગામની શાળામાં રાત્રિ રોકાણ કરવું અને અનુસૂચિત જાતિ પરિવારના આંગણે ભોજન લેવું એ તેમની સાદગી અને જનતા પ્રત્યેના લગાવનું ઉત્તમ ઉદાહરણ છે. રાજ્યપાલશ્રીએ સુપ્રસિદ્ધ કથાવાચક આચાર્ય શ્રી કુલદીપજી મહારાજનું સ્વાગત કર્યું હતું. તેમણે આચાર્યશ્રીના પરિવારની પ્રશંસા કરતા કહ્યું કે, તેઓ પોતાના સમગ્ર પરિવાર સાથે ભારતીય સંસ્કૃતિ અને વૈદિક પરંપરાને આગળ વધારવાનું જે પુનિત કાર્ય કરી રહ્યા છે, તે અત્યંત અભિનંદનીય છે. આ કથા આગામી તારીખ ૨૮ જૂન સુધી પ્રતિદિન યોજાશે, જે અમૃત વર્ષા સમાન બની રહેશે. આ પ્રસંગે ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન શ્રી શીશપાલ રાજપૂત, ધારાસભ્ય શ્રી બાબુભાઈ પટેલ, પૂર્વ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ શ્રી હર્ષદભાઈ પટેલ, પદાધિકારીઓ, જિલ્લા પ્રશાસનના અધિકારીઓ, લોકભવન પરિવારના સભ્યો તથા મોટી સંખ્યામાં નગરજનોએ ઉપસ્થિત રહી આસ્થા અને ઉત્સાહ સાથે કથાનો રસપાન કર્યો હતો.

# કેન્દ્રીય રેલવે, સૂચના અને પ્રસારણ અને ઈલેક્ટ્રોનિક્સ અને સૂચના પ્રૌદ્યોગિકી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ, રાજસ્થાનના મુખ્યમંત્રી શ્રી ભજનલાલ શર્મા અને બિહારના મુખ્યમંત્રી શ્રી સમ્રાટ ચૌધરીએ જયપુર-દરભંગા અમૃત ભારત ટ્રેનનો ઝંડી બતાવી શુભારંભ કર્યો

## મેગા કોચિંગ ટર્મિનલ, ખાતીપુરા અને રેલવે સ્ટેશનો પર ઉન્નત મુસાફર સુવિધાઓનો પણ શુભારંભ કરવામાં આવ્યો



કમલમ્,

કેન્દ્રીય રેલવે, સૂચના અને પ્રસારણ અને ઈલેક્ટ્રોનિક્સ અને સૂચના પ્રૌદ્યોગિકી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ, મુખ્યમંત્રી, રાજસ્થાન શ્રી ભજનલાલ શર્મા અને મુખ્યમંત્રી, બિહાર શ્રી સમ્રાટ ચૌધરીએ ૨૧ જૂન ૨૦૨૬ ના રોજ જયપુર (ખાતીપુરા)-દરભંગા અમૃત ભારત એક્સપ્રેસ નવી રેલવે સેવા (અઠવાડિયામાં છ દિવસ) નો શુભારંભ કર્યો. આની સાથે જ નવનિર્મિત મેગા કોચિંગ ટર્મિનલ, ખાતીપુરા અને વિવિધ રેલવે સ્ટેશનો પર ઉન્નત મુસાફર સુવિધાઓનો પણ શુભારંભ કરવામાં આવ્યો. આ અવસરે મુખ્યમંત્રી, બિહાર શ્રી સમ્રાટ ચૌધરી વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી જોડાયા. આ અવસરે કેન્દ્રીય રેલવે, સૂચના અને પ્રસારણ અને ઈલેક્ટ્રોનિક્સ અને સૂચના પ્રૌદ્યોગિકી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે આજે રાજસ્થાન અને બિહારના મિથિલા ક્ષેત્રની સંસ્કૃતિ આ ટ્રેનના માધ્યમથી જોડાવા જઈ રહી છે અને બિહાર ચૂંટણીના સમયે પ્રવાસી બિહારના નિવાસીઓથી કરવામાં આવેલો વાયદો પણ પૂરો થઈ રહ્યો છે. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશમાં રેલવે નેટવર્ક મજબૂત થઈ રહ્યું છે અને અનેક નવી ટ્રેનોનું સંચાલન પ્રારંભ કરવામાં આવી રહ્યું છે. તેમણે ખાટૂશ્યામ જી આવનારા શ્રદ્ધાળુઓની સુવિધા માટે ખાટૂ નગરીથી ૧૧ કિલોમીટર પર બનાવવામાં આવનારા સુંદરપુરા સ્ટેશનની ઘોષણા કરતા કહ્યું કે આજે બીકાનેરથી જયપુર આવતી વખતે પ્રભુપ્રાર્થના કરી અને સ્વયં તે સ્થાન પર ઉતરીને સ્ટેશન ભૂમિને પ્રણામ કર્યા તથા નિશ્ચય કર્યો કે લક્ષ્યાનુસાર સુંદરપુરા સ્ટેશનનું નિર્માણ કરવામાં આવશે જેનાથી ખાટૂશ્યામ જી આવનારા મુસાફરોને વિશેષ સુવિધા પ્રાપ્ત થઈ શકે. તેમણે સુંદરપુરા સ્ટેશનની ડિઝાઈન અને માનચિત્રથી સ્ટેશનને ઉલ્લેખિત પણ કર્યું. આની સાથે જ તેમણે મેગા કોચિંગ ટર્મિનલ વિશે જણાવ્યું કે પૂરા દેશમાં ૫૦ મેગા કોચિંગ ટર્મિનલોનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે જેમાંથી આ પ્રથમ છે અને આ કોચિંગ ટર્મિનલમાં પ્રતિ માસ ૪૫૦ ટ્રેનોનું અનુરક્ષણ કરી શકાશે જેનાથી જયપુર ક્ષેત્રથી વધુ ટ્રેનોનું સંચાલન કરી શકાશે. રાજસ્થાનના મુખ્યમંત્રી શ્રી ભજનલાલ શર્માએ પોતાના સંબોધનમાં કહ્યું કે આજનો દિવસ રાજસ્થાન અને બિહાર માટે બહુ જ ઐતિહાસિક છે આના માટે કેન્દ્રીય રેલવે મંત્રી અને પ્રધાનમંત્રીના નેતૃત્વને હાર્દિક શુભેચ્છાઓ પ્રેષિત કરી. તેમણે કહ્યું કે જયપુરથી દરભંગા માટે લાંબા સમયથી માંગ હતી જે આજે પૂરી થઈ રહી છે તથા આ રાજસ્થાન અને બિહારના નિવાસીઓ માટે બેહદ ઉપયોગી સિદ્ધ થશે. શ્રી ભજનલાલ શર્માએ કહ્યું કે આજે આંતરરાષ્ટ્રીય યોગ દિવસના અવસરે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં પૂરી દુનિયામાં ભારતની સંસ્કૃતિ પહોંચી રહી છે. આજની પ્રક્રિયામાં નવી ટ્રેન, મેગા કોચિંગ ટર્મિનલ અને મુસાફર સુવિધાઓના ઉન્નત કાર્યોના શુભારંભથી પૂરા રાજસ્થાનમાં વ્યાપાર, પર્યટન, રોજગાર અને ક્ષેત્રીય વિકાસને ગતિ મળશે. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રીના નેતૃત્વ અને કેન્દ્રીય રેલવે મંત્રીના દિશા નિર્દેશોથી રાજસ્થાનમાં રેલવેના ક્ષેત્રમાં અભૂતપૂર્વ કાર્યો થયા છે તથા બુનિયાદી માળખાને સુદ્રઢ કરીને આધુનિક બનાવવામાં આવ્યું છે જેનાથી આજે રાજસ્થાનમાં ૫ વંદે ભારત ટ્રેનોનું સંચાલન કરવામાં આવી રહ્યું છે અને ૧૦૦ ટકા વિદ્યુતીકરણનું કાર્ય કરવામાં આવ્યું છે. આની સાથે જ તેમણે બજેટ ફાળવણી વિશે જણાવતા કહ્યું કે રાજસ્થાનમાં પહેલીવાર ૧૦ હજાર કરોડ રૂપિયાથી વધુનું બજેટ ફાળવવામાં આવ્યું છે તથા ૭૬,૮૦૦ કરોડ રૂપિયાના રેલવે કાર્યો પ્રગતિ પર છે, સાથે જ વિતેલા ૧૨ વર્ષોમાં ૩૯૦૦ કિલોમીટર લાઈનોનું નિર્માણ પણ કરવામાં આવ્યું છે. બિહારના મુખ્યમંત્રી શ્રી સમ્રાટ ચૌધરીએ વીડિયો કોન્ફરન્સિંગથી ઉદ્બોધનમાં જયપુર અને બિહાર માટે સંચાલિત નવી ટ્રેન માટે કેન્દ્રીય રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવને ધન્યવાદ આપ્યા અને કહ્યું કે કેન્દ્રીય રેલવે મંત્રીના કાર્યકાળમાં વિતેલા સમયમાં બિહારને અનેક ટ્રેનોની સોગાત આપવામાં આવી છે અને આજથી સંચાલિત થનારી આ ટ્રેનથી રાજસ્થાનમાં આજીવિકા માટે આવાગમન કરનારા પ્રવાસી બિહારવાસીઓને વિશેષ લાભ મળશે. રાજસ્થાનના ઉપ મુખ્યમંત્રી શ્રીમતી દીયા કુમારીએ સંબોધિત કરતા કહ્યું કે આજે રાજસ્થાનને ૨ નવી ટ્રેનોની સોગાત માટે બહુ-બહુ ધન્યવાદ અને શુભેચ્છાઓ. તેમણે પ્રધાનમંત્રીના વિઝનને સાકાર કરવા માટે પણ કેન્દ્રીય રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવનો આભાર વ્યક્ત કર્યો તથા મેવાડ અને મારવાડને જોડનારી માવલી-દેવગઢ ગેજ પરિવર્તન અને બ્રહ્મા જીની નગરી પુષ્કરથી મીરા બાઈની નગરી મેડતાની નવી લાઈનના નિર્માણ માટે પણ ધન્યવાદ અને આભાર વ્યક્ત કર્યો. શ્રીમતી મંજુ શર્મા, સાંસદ-જયપુર અને શ્રી ગોપાલ જી ઠાકુર, સાંસદ-દરભંગાએ પણ કેન્દ્રીય રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવનો આભાર વ્યક્ત કર્યો. આ પૂર્વે કેન્દ્રીય રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે મેગા કોચિંગ ટર્મિનલ, ખાતીપુરાનું નિરીક્ષણ કર્યું અને બધાને આ કાર્ય માટે વધામણી આપી અને મેન્ટેનન્સ સુવિધાઓના વધુ વિસ્તાર માટે દિશા નિર્દેશ પ્રદાન કર્યા. મીડિયા સાથે વાતચીત દરમિયાન તેમણે જણાવ્યું કે આ દેશનું પહેલું મેગા કોચિંગ ટર્મિનલ છે અને તેને આગામી ૨૦ વર્ષોની આવશ્યકતાઓને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યું છે. આ મેગા ટર્મિનલના નિર્માણથી દિલ્હી, બીકાનેર અને જોધપુર તરફ જનારી ટ્રેનોનું અનુરક્ષણ અહીં થઈ શકશે અને સવાઈ માધોપુર માર્ગ માટે અન્ય અનુરક્ષણ ડેપો માટે કાર્ય કરવામાં આવી રહ્યું છે. જયપુર (ખાતીપુરા)-દરભંગા અમૃત ભારત એક્સપ્રેસ રાજસ્થાન અને બિહાર વચ્ચે સંપર્કને નવી ગતિ પ્રદાન કરનારી એક મહત્વપૂર્ણ રેલવે સેવા છે. આ ટ્રેન મુસાફરોને સંરક્ષિત, સુગમ અને આરામદાયક યાત્રાનો વિકલ્પ ઉપલબ્ધ કરાવશે. વિશેષ રૂપે રોજગાર, શિક્ષણ, વ્યાપાર અને પારિવારિક કારણોથી યાત્રા કરનારા મુસાફરોને આ રેલવે સેવાથી લાભ મળશે. વર્તમાનમાં અજમેરથી દરભંગા માટે સાપ્તાહિક રેલવે સેવાનું સંચાલન કરવામાં આવી રહ્યું છે, આના અતિરિક્ત આ નવી રેલવે સેવા (અઠવાડિયામાં છ દિવસ) થી મુસાફરો લાભાન્વિત થશે. જયપુર, પોતાની સમૃદ્ધ સાંસ્કૃતિક વિરાસત, પર્યટન સ્થળો અને ઔદ્યોગિક વિકાસ માટે પ્રસિદ્ધ છે, જ્યારે દરભંગા મિથિલા સંસ્કૃતિ, શિક્ષણ અને ઐતિહાસિક મહત્વનું પ્રમુખ કેન્દ્ર છે. આ રેલવે સેવા બંને ક્ષેત્રો વચ્ચે આવાગમનને સુગમ બનાવતા સાંસ્કૃતિક આદાન-પ્રદાન અને આર્થિક ગતિવિધિઓને પણ પ્રોત્સાહન આપશે. મેન્ટેનન્સ સુવિધાઓને ઉત્કૃષ્ટ બનાવવા માટે ખાતીપુરા સ્ટેશન પર ૨૦૫ કરોડ રૂપિયાની રકમથી મેગા કોચિંગ ટર્મિનલનું નિર્માણ કરવામાં આવ્યું છે.

મેગા કોચિંગ ટર્મિનલના નિર્માણથી તમામ પ્રકારની ટ્રેનો જેવી કે વંદે ભારત, ડેમુ, એલએચબી રેક અને અન્ય તમામ પ્રકારની ટ્રેનોના રેકનું અનુરક્ષણ કાર્ય એક જ સ્થાન પર કરી શકાશે. ખાતીપુરા સ્ટેશન પર કોચિંગ મેન્ટેનન્સ સુવિધાઓના વિસ્તાર હેઠળ વ્યાપક કાર્યો કરવામાં આવ્યા છે. નવનિર્મિત મેગા કોચિંગ ટર્મિનલ નવી રેલવે લાઈનો, વોશિંગ પીટ, સ્ટેબલિંગ લાઈનો તથા આધુનિક તકનીકી સંસાધનો સાથે આ પરિસરને ભવિષ્યની આવશ્યકતાઓને અનુરૂપ તૈયાર કરે છે. આ કાર્ય ન માત્ર ટ્રેનોની જાળવણીની ક્ષમતાને વધારશે, પરંતુ જયપુર જંકશન પર વધતા પરિચાલન દબાણને ઓછું કરવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. સાથે જ ઉત્તર પશ્ચિમ રેલવેના દૂસરા ક્ષેત્રોમાં સ્થિત સ્ટેશનો (અમૃત ભારત સ્ટેશન યોજના અંતર્ગત પુનર્વિકાસ ઉપરાંત) પર મુસાફર સુવિધાઓ પ્રદાન કરવા માટે અનેક કાર્યો કરવામાં આવી રહ્યા છે. ઉત્તર પશ્ચિમ રેલવેના ૪૧ નાના તેમજ મધ્યમ સ્ટેશનો પર વિવિધ વિકાસ કાર્યો કરવામાં આવ્યા છે. આ સ્ટેશનો પર નવા પ્લેટફોર્મ, પ્લેટફોર્મ ઉન્નયન અને વિસ્તારના કાર્યો કરવામાં આવ્યા છે તથા ૧૬ સ્ટેશનો પર એકીકૃત મુસાફર સૂચના પ્રણાલીની શરૂઆત કરવામાં આવી છે. આ કાર્યોનો ઉદ્દેશ્ય મુસાફરોને વધુ સુવિધાજનક, સંરક્ષિત અને સુગમ યાત્રા અનુભવ પ્રદાન કરવાનો છે.

# યોગ વ્યાયામ કે આસનો પૂરતો મર્યાદિત નથી, પરંતુ મન અને ચેતનાને જગાડવાની પ્રક્રિયા છેઃ સાંસદ શ્રી રાજેશભાઈ ચુડાસમા

## 'સ્વસ્થ જીવન માટે યોગ'ના સંદેશ સાથે ગરવા ગિરનારની નિશ્રામાં ૧૨માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી



કમલમ્, જૂનાગઢ,

સ્વસ્થ જીવન માટે યોગ'ના સંદેશ સાથે ગરવા ગિરનારની નિશ્રામાં ૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જૂનાગઢમાં રાષ્ટ્રવીર છેલભાઈ દવે પોલીસ તાલીમ મહાવિદ્યાલય ખાતે સાંસદ શ્રી રાજેશભાઈ ચુડાસમાના અધ્યક્ષસ્થાને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી થઈ હતી. જેમાં મોટી સંખ્યામાં પોલીસ તાલીમાર્થી ભાઈઓ-બહેનો, વિદ્યાર્થીઓ અને યોગઅભ્યાસુઓ જોડાયા હતા. આ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પશ્ચિમ બંગાળના કોલકાતા ખાતેથી વર્ચ્યુઅલી જોડાયા હતા અને યોગ અપનાવવા માટે પ્રેરણાદાયી સંબોધન કર્યું હતું. આ ઉપરાંત, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પણ રાજકોટ ખાતેથી વીડિયો કોન્ફરન્સના માધ્યમથી યોગને રોજિંદા જીવનમાં સ્થાન આપવા માટે પ્રેરક ઉદ્બોધન કર્યું હતું. ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજિત આ જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી લીનાબેન વિપુલભાઈ કાવાણી, જિલ્લા કલેક્ટર શ્રી યોગેશ ચૌધરી, જિલ્લા વિકાસ અધિકારી શ્રી જયંતસિંહ રાઠોર સહિતના મહાનુભાવો સહભાગી બન્યાં હતા અને યોગ અભ્યાસ કર્યો હતો. આ પ્રસંગે સાંસદશ્રી રાજેશભાઈ ચુડાસમાએ જણાવ્યું હતું કે, યોગ કોઈ વ્યાયામ કે આસન પૂરતો મર્યાદિત નથી, પરંતુ તે મન અને ચેતનાને જગાડવાની એક પ્રક્રિયા છે. આજના આધુનિક યુગમાં લોકોની જીવનશૈલી અને ખાનપાન બદલાયા છે, ત્યારે દેશના ઋષિમુનિઓએ આપેલો યોગ લોકોને ઉત્તમ સ્વાસ્થ્ય પ્રદાન કરવાનું મહત્વપૂર્ણ માધ્યમ છે. તેમણે ઉમેર્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશને ફિટ રાખવા માટે યોગ અને ફિટ ઈન્ડિયાનું વિઝન આપ્યું છે. ખાસ કરીને જ્યારે દેશની યુવા શક્તિ સશક્ત બને છે, ત્યારે જ દેશ સશક્ત બને છે. આમ, મજબૂત રાષ્ટ્રના નિર્માણ માટે લોકોનું સ્વાસ્થ્ય તંદુરસ્ત રહે તે ખૂબ જ જરૂરી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસોના પગલે જ સમગ્ર દુનિયાએ યોગની શક્તિને સ્વીકારી છે અને સંયુક્ત રાષ્ટ્ર સંઘના ૧૭૭ જેટલા દેશોએ ભારતીય સંસ્કૃતિની યોગ પ્રણાલીને અપનાવીને તેને સ્વસ્થ જીવન માટે ઉપયોગી માની છે. ધારાસભ્ય શ્રી સંજયભાઈ કોરડીયાએ જણાવ્યું હતું કે, આપણી ઋષિ પરંપરાની દેન એવા યોગને સમગ્ર વિશ્વએ સ્વીકાર્યો છે. મનની શક્તિને વધુ વિસ્તાર આપવા અને શરીરની તંદુરસ્તી માટે યોગ ખૂબ જરૂરી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસોથી દેશ અને દુનિયામાં યોગ પ્રસ્થાપિત થયો છે અને લોકોના જીવનને એક નવી દિશા મળી છે. તેમણે રોજિંદા જીવનમાં ૩૦ મિનિટનો સમય ફાળવીને યોગ અપનાવવા માટે સૌને અપીલ કરી હતી. કાર્યક્રમના અંતે યોગને જન-જન સુધી પહોંચાડવાનું કામ કરતા યોગ કોચ અને ટ્રેનરનું મહાનુભાવોના હસ્તે પ્રમાણપત્ર અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ઈન્ચાર્જ એસ.પી. શ્રી રોહિત ડાગર, અગ્રણી શ્રી યોગીભાઈ પઢીયાર, જિલ્લા શિક્ષણ અધિકારી લતાબેન ઉપાધ્યાય, જિલ્લા યુવા વિકાસ અધિકારી શ્રીમતી નીતાબેન વાળા, પોલીસ તાલીમ મહાવિદ્યાલયના આચાર્યશ્રી સહિતના મહાનુભાવો વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં સહભાગી બની યોગાભ્યાસ કર્યો હતો.

# સોનારડા ગામે પ્રાથમિક શાળામાં પ્રેમરત્ન પરિવાર દ્વારા ૮૦૦ વિદ્યાર્થીઓને ચોપડાંનું વિતરણ કરાયું

## શિક્ષણ એ સમાજના વિકાસનો પાયો છે-મુનિરાજશ્રી નયશેખર મહારાજ સાહેબ



કમલમ્,

શિક્ષણ એ સમાજના વિકાસનો પાયો છે અને વિદ્યાર્થીઓને જરૂરી શૈક્ષણિક સાધનો ઉપલબ્ધ કરાવવાથી તેમના ઉજ્જવળ ભવિષ્યના નિર્માણમાં મહત્વપૂર્ણ ફાળો મળે છે. આ ભાવનાને સાકાર કરતાં પ્રેમરત્ન માનવસેવા ચેરીટેબલ ટ્રસ્ટ તથા પ્રેમરત્ન પરિવાર-શંખેશ્વર દ્વારા સોનારડા ગામની પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા અંદાજે ૮૦૦ વિદ્યાર્થીઓને ચોપડાંનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકીય કાર્ય માનવતાના મસીહા પ.પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય રત્નશેખરસૂરીશ્વરજી મહારાજાના આશીર્વાદ અને પ.પૂ. મુનિરાજશ્રી નયશેખર મહારાજ સાહેબના માર્ગદર્શન હેઠળ યોજાયું હતું. કાર્યક્રમમાં સોનારડા ગામના વતની અને જૈન સમાજના અગ્રણી શ્રી જીગરભાઈ ચિનુભાઈ શાહ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને તેમના વરદહસ્તે વિદ્યાર્થીઓને ચોપડાંનું વિતરણ કરવામાં આવ્યું હતું. ચોપડાં પ્રાપ્ત કરતા વિદ્યાર્થીઓના ચહેરા પર આનંદ અને ઉત્સાહની લાગણી સ્પષ્ટપણે જોવા મળી હતી. શૈક્ષણિક જીવનમાં ચોપડાંનું વિશેષ મહત્વ રહેલું છે, કારણ કે તે વિદ્યાર્થીઓને અભ્યાસમાં પ્રગતિ કરવા, જ્ઞાન વધારવા અને જીવનમાં સફળતા પ્રાપ્ત કરવા માટે પ્રેરણા આપે છે. શિક્ષણના પ્રસાર સાથે સંસ્કાર અને સારા નાગરિકોના ઘડતરમાં પણ આવા સેવાકીય કાર્યો મહત્વની ભૂમિકા ભજવે છે. કાર્યક્રમને સફળ બનાવવા માટે સોનારડા ગામની પ્રાથમિક શાળાના આચાર્યશ્રી, શિક્ષકગણ, શિક્ષિકાઓ તથા સમગ્ર સ્ટાફે સુંદર સહકાર આપ્યો હતો. ટ્રસ્ટના આગેવાનો દ્વારા તમામનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. પ્રેમરત્ન માનવસેવા ચેરીટેબલ ટ્રસ્ટ તથા પ્રેમરત્ન પરિવાર-શંખેશ્વર દ્વારા સમાજમાં શિક્ષણ, સેવા અને માનવતાના કાર્યો સતત આગળ વધે તેવી શુભેચ્છા સાથે ભવિષ્યમાં પણ આવા સેવાકીય કાર્યક્રમો યોજવાની ભાવના વ્યક્ત કરવામાં આવી હતી.

# સી.આઈ.ડી. ક્રાઈમ DGP ડૉ. કે.એલ.એન. રાવે ગાંધીનગરની સી.આઈ.ડી. ક્રાઈમ કચેરીની આર્થિક ગુના નિવારણ શાખાની મુલાકાત કરી બેઠક યોજી

## મહત્વના અને અતિ સંવેદનશીલ ગુનાઓની ઝીણવટભરી અને વિસ્તૃત સમીક્ષા કરી

**ગુનેગારો સામે અદાલતમાં ઝડપી અને અસરકારક કાયદાકીય કાર્યવાહી સુનિશ્ચિત કરવા તમામ કેસોની તપાસ વૈજ્ઞાનિક અને મજબૂત પુરાવા આધારિત પદ્ધતિથી કરવા સૂચના**



કમલમ્,

સી.આઈ.ડી. ક્રાઈમ ડ્રૅ.ડૉ. કે.એલ.એન. રાવે ગાંધીનગરની સી.આઈ.ડી. ક્રાઈમ કચેરીની આર્થિક ગુના નિવારણ શાખાની મુલાકાત કરી બેઠક યોજી હતી. આ મુલાકાત દરમિયાન ડો. રાવ દ્વારા આર્થિક ગુના નિવારણ શાખામાં તપાસ હેઠળ રહેલા વિવિધ મહત્વના અને અતિ સંવેદનશીલ ગુનાઓની ઝીણવટભરી અને વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. તેમણે વિવિધ કેસોની તપાસમાં થયેલી પ્રગતિ, એકત્રિત કરાયેલા પુરાવાઓનું સંકલન, જટિલ નાણાકીય વ્યવહારોના વિશ્લેષણ તેમજ આરોપીઓ વિરુદ્ધ હાથ ધરવામાં આવેલી કાયદાકીય કાર્યવાહીની સઘન સમીક્ષા કરી હતી. કેસોની તપાસ પ્રક્રિયાને વધુ સુદ્રઢ અને સચોટ બનાવવાના ઉદ્દેશ્ય સાથે ડૉ. કે.એલ.એન. રાવે ઉપસ્થિત અધિકારીઓને મહત્વપૂર્ણ માર્ગદર્શન અને સૂચનાઓ આપતા જણાવ્યું હતું કે, ગુનેગારો સામે અદાલતમાં ઝડપી અને અસરકારક કાયદાકીય કાર્યવાહી સુનિશ્ચિત કરવા તમામ કેસોની તપાસ વૈજ્ઞાનિક અને મજબૂત પુરાવા આધારિત પદ્ધતિથી કરવા સૂચના આપવામાં આવી છે. તેમણે તમામ તપાસ અધિકારીઓને દરેક કેસની તપાસ સંપૂર્ણ નિષ્પક્ષતા, પારદર્શિતા સાથે નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવા તેમજ ગુનાની ગંભીરતાને અનુરૂપ જરૂરી ઝડપી કાર્યવાહી કરવા તાકીદ કરી હતી. આ ઉપરાંત તેમણે ભોગ બનનાર પીડિતોને ઝડપી અને ન્યાયી પ્રક્રિયાનો લાભ મળે તે માટે વિભાગ દ્વારા કરવામાં આવી રહેલા પ્રયાસો અંગે વિગતવાર માહિતી મેળવી હતી. વર્તમાન સમયમાં આર્થિક ગુનાઓના બદલાતા સ્વરૂપ અને ડિજિટલ માધ્યમોના વધતા દુરુપયોગને ધ્યાનમાં રાખીને ડો.રાવે તપાસમાં આધુનિક ટેકનોલોજી અને ડિજિટલ ફોરેન્સિક સાધનોના મહત્તમ ઉપયોગ પર વિશેષ ભાર મૂક્યો હતો. આ ઉપરાંત, આર્થિક છેતરપિંડીના કેસોમાં ઝડપી ઉકેલ માટે વિવિધ નાણાકીય સંસ્થાઓ અને બેંકો સાથેના સંકલનને વધુ અસરકારક અને સક્રિય બનાવવા માટે પણ જરૂરી દિશાનિર્દેશો આપ્યા હતા.

# મોરબીમાં પ્રધાનમંત્રીશ્રીના સુશાસનના ૧૨ વર્ષની ઉજવણી અન્વયે પ્રાકૃતિક કૃષિ કાર્યશાળા યોજાઈ

## ધારાસભ્યશ્રી દુર્લભજીભાઈ દેથરીયાએ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવી 'આત્મનિર્ભર કૃષિ' તરફ આગળ વધવા આહવાન કર્યું

**પ્રાકૃતિક ખેતી આધારિત ૨૦ માહિતીપ્રદ સ્ટોલ્સ દ્વારા જીવામૃત, બીજામૃત અને ગૌ-આધારિત કૃષિ મોડેલ્સનું સચોટ પ્રદર્શન અપાયું**



કમલમ્, મોરબી

કેન્દ્ર સરકારના સેવા, સુશાસન અને જનકલ્યાણને સમર્પિત સફળ ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે મોરબી જિલ્લા વહીવટી તંત્ર અને કૃષિ વિભાગના સંયુક્ત ઉપક્રમે ગોર ખીજડીયા સ્થિત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે "વિકસિત ભારત સંકલ્પ સંમેલન" યોજાયો હતો. આ પ્રસંગે ટંકારા ધારાસભ્યશ્રી દુર્લભજીભાઈ દેથરીયાએ પ્રાસંગિક ઉદ્બોધન આપતાં ખેડૂતોને ઉત્પાદન ખર્ચ ઘટાડવા અને પર્યાવરણમૈત્રી ટેક્નોલોજી અપનાવી 'આત્મનિર્ભર કૃષિ' તરફ આગળ વધવા આહવાન કર્યું હતું. આ તકે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોના સર્વાંગી કલ્યાણ માટે અમલમાં મુકાયેલી વિવિધ કલ્યાણકારી યોજનાઓ, કૃષિ ક્ષેત્રે થયેલા આધુનિક સંશોધનો અને 'વિકસિત ભારત-૨૦૪૭'ના સંકલ્પને ચરિતાર્થ કરવા અંગે વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. ખેડૂતો પરંપરાગત રાસાયણિક ખેતી છોડી ગૌ-આધારિત કૃષિ પદ્ધતિ તરફ વળે તે હેતુથી કાર્યક્રમ સ્થળે ખાસ ૨૦ માહિતીપ્રદ કૃષિ સ્ટોલોનું ભવ્ય પ્રદર્શન યોજાયું હતું. આ સ્ટોલ્સમાં જીવામૃત, ઘન જીવામૃત, બીજામૃત બનાવવાની પદ્ધતિ, આચ્છાદન (મલ્ચિંગ), વાપસા ટેકનિક, ગૌ-આધારિત વિવિધ કૃષિ મોડેલ્સ તેમજ જૈવિક ઈનપુટ્સની જીવંત પ્રદર્શની ગોઠવવામાં આવી હતી. ઉપસ્થિત ખેડૂતોએ આ સ્ટોલ્સની રૂબરૂ મુલાકાત લઈ જમીનની ફળદ્રુપતા જાળવવા અને ખેતી ખર્ચ ઘટાડવા અંગે નિષ્ણાત વૈજ્ઞાનિકો પાસેથી પ્રશ્નોત્તરી દ્વારા સચોટ તકનીકી માર્ગદર્શન મેળવ્યું હતું. આ પ્રસંગે નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી શૈલેષચંદ્ર ભટ્ટ, નાયબ ખેતી નિયામક શ્રી કે.જી. પરસાણિયા, આત્માના પ્રોજેક્ટ ડાયરેક્ટર અને નાયબ ખેતી નિયામકશ્રી કે.એમ. ડાભી, નાયબ બાગાયત નિયામકશ્રી વી.એચ.નકુમ, મોરબી મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી જયંતિભાઈ પડસુંબિયા, અગ્રણીશ્રી જયંતિભાઈ રાજકોટિયા, શ્રી અરવિંદભાઈ વાસદડિયા તેમજ કૃષિ, બાગાયત અને આત્મા પ્રોજેક્ટના તમામ અધિકારીઓ-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે મુખ્ય અતિથિ તરીકે મહારાષ્ટ્રના કોલ્હાપુરમાં આયોજિત 'ધન્યવાદ સભા'ને સંબોધિત કરી



ભારતના સૌથી લાંબો સમય સેવા આપનારા ચૂંટાયેલા પ્રધાનમંત્રી મોદીજીના આ ૧૨ વર્ષ સ્વતંત્ર ભારતના ઇતિહાસમાં વિકાસ, સાંસ્કૃતિક પુનરુત્થાન, સુરક્ષિત ભારત અને વૈશ્વિક સ્તરે વધેલા કદના યુગ તરીકે યાદ રાખવામાં આવશે

કમલમ્,
કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે આજે મહારાષ્ટ્રના કોલ્હાપુરમાં આયોજિત 'ધન્યવાદ સભા'ને મુખ્ય અતિથિ તરીકે સંબોધિત કરી હતી. આ કાર્યક્રમમાં મહારાષ્ટ્રના મુખ્યમંત્રી શ્રી દેવેન્દ્ર ફડણવીસ, ઉપમુખ્યમંત્રી શ્રી એકનાથ શિંદે અને અન્ય કેટલાક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે છેલ્લા ૧૨ વર્ષમાં, જ્યારથી નરેન્દ્ર મોદીજી દેશના પ્રધાનમંત્રી બન્યા છે, ત્યારથી આપણા નેતા શ્રી નરેન્દ્ર મોદીજીએ એવા ઘણા કાર્યો સફળતાપૂર્વક પૂર્ણ કર્યા છે જે અગાઉ અશક્ય માનવામાં આવતા હતા. ભગવાન શ્રી રામની કૃપાથી નરેન્દ્ર મોદીજી ૨૦૧૪ માં પ્રધાનમંત્રી બન્યા અને આજે અયોધ્યામાં એક ભવ્ય અને દિવ્ય રામ મંદિર તેની ભવ્યતા સાથે અડીખમ ઊભું છે. આ સાથે કાશી વિશ્વનાથ કોરિડોરનું નિર્માણ કરવામાં આવ્યું છે અને કેદારનાથ ધામ તથા બદરીનાથ ધામનું પુનઃનિર્માણ કરવામાં આવ્યું છે. સોમનાથ મંદિરને ફરી એકવાર સુવર્ણથી સુશોભિત કરવામાં આવી રહ્યું છે. મા કામાખ્યાનો કોરિડોર બની રહ્યો છે અને હવે અંબાબાઈ મહાલક્ષ્મી મંદિરના કોરિડોરના નિર્માણનું કામ પણ શરૂ થઈ ગયું છે. તેમણે કહ્યું કે "વિકાસ ભી, વિરાસત ભી" ના મંત્ર હેઠળ દેશભરમાં સાંસ્કૃતિક પુનરુત્થાન થઈ રહ્યું છે. શ્રી શાહે જણાવ્યું હતું કે મહારાષ્ટ્રમાં તમામ જ્યોતિર્લિંગ અને શક્તિપીઠ મંદિરોનું પુનઃનિર્માણ અને પુનર્વિકાસ ચાલી રહ્યો છે, જે આપણા બધા માટે ખૂબ જ ગર્વની બાબત છે. કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રીએ જણાવ્યું હતું કે આ ૧૨ વર્ષમાં અંબાબાઈ મહાલક્ષ્મી મંદિરમાં જીર્ણોદ્ધાર અને કોરિડોર નિર્માણ કાર્યની શરૂઆત પણ ઘણી મહત્વપૂર્ણ સિદ્ધિઓમાંની એક છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વમાં ભાષાઓના સંરક્ષણ, સંસ્કૃતિના પ્રવર્ધન અને દેશની સરહદોની સુરક્ષા જેવા ક્ષેત્રોમાં માત્ર કામ શરૂ કરવા માટે જ નહીં, પરંતુ આ પહેલોને અડગ ગતિ સાથે તેના તાર્કિક અંત સુધી પહોંચાડવા માટે સતત પ્રયાસો કરવામાં આવ્યા છે. અંબાબાઈ મહાલક્ષ્મી મંદિર કોરિડોરના નિર્માણની શરૂઆત કરીને મહારાષ્ટ્રમાં ધર્મના શાસન અને સાંસ્કૃતિક જાગૃતિને ફરી એકવાર નવી ઊંચાઈ આપવામાં આવી છે. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે તાજેતરમાં જ નરેન્દ્ર મોદીજીએ સૌથી લાંબો સમય સેવા આપનારા ચૂંટાયેલા પ્રધાનમંત્રી બનવાનો નવો રેકોર્ડ બનાવ્યો છે. જ્યારે સ્વતંત્ર ભારતનો ઇતિહાસ લખાશે, ત્યારે આ ૧૨ વર્ષ ભારતના વિકાસ, સાંસ્કૃતિક પુનરુત્થાન, સુરક્ષિત ભારતના નિર્માણ અને વૈશ્વિક મંચ પર ભારતની પ્રતિષ્ઠા તથા સન્માનના ઉત્થાનના વર્ષો તરીકે નોંધવામાં આવશે. મોદીજીના નેતૃત્વ હેઠળના આ ૧૨ વર્ષમાં, અમારી સરકારોએ સોમનાથથી લઈને ગંગાસાગર સુધી — દેશભરના લોકોનો ટેકો, વિશ્વાસ અને આત્મવિશ્વાસ સંપાદિત કર્યો છે. શ્રી શાહે વધુમાં જણાવ્યું હતું કે બંગાળની સરહદો પરથી થતી ઘૂસણખોરીને સંપૂર્ણપણે રોકવામાં જ નહીં આવે, પરંતુ દેશભરના એક-એક ઘૂસણખોરને ઓળખીને એક-એક કરીને બહાર કાઢવામાં આવશે, આ દેશ કોઈ ધર્મશાળા નથી. કેન્દ્રીય ગૃહ મંત્રીએ કહ્યું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વમાં ભારતની સુરક્ષા સુનિશ્ચિત કરવાની સાથે દરેક ક્ષેત્રમાં અભૂતપૂર્વ કામ થયું છે— પછી તે ગ્રામીણ વિકાસ હોય, શહેરી વિકાસ હોય, ખેતીને સમૃદ્ધ બનાવવા માટે સહકાર મંત્રાલયની સ્થાપના હોય, શહેરી આયોજન (અર્બન પ્લાનિંગ) માટે નવા ધોરણો સ્થાપિત કરવા હોય કે પછી પીએલઆઈ (PLI) સ્કીમ દ્વારા ભારતને વૈશ્વિક મેન્યુફેક્ચરિંગ હબ બનાવવાનું હોય. તેમણે એમ પણ કહ્યું કે સેમિકન્ડક્ટર્સ, ક્વોન્ટમ એન્જિનિયરિંગ, સોફ્ટવેર, ડેટા સેન્ટર્સ અને નવા યુગની ટેક્નોલોજી જેવા ક્ષેત્રોમાં ભારતને નવી ઊંચાઈઓ પર લઈ જવા માટે એક નક્કર શરૂઆત કરવામાં આવી છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વમાં આપણે ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ચંદ્રયાન-૩ ને સફળતાપૂર્વક ઉતાર્યું અને 'શિવ શક્તિ પોઈન્ટ' સ્થાપિત કર્યો, જેનાથી તમામ ભારતીયોના હૃદય ગર્વ અને આનંદથી ભરાઈ ગયા. કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે કોલ્હાપુરમાં પવિત્ર કરવીર પ્રદેશના માતા અંબાબાઈ મહાલક્ષ્મી મંદિરમાં, જ્યાં માતાજી સેંકડો વર્ષોથી બિરાજમાન છે, તેના જીર્ણોદ્ધાર અને વિકાસ માટે મહારાષ્ટ્ર સરકાર દ્વારા મહત્વપૂર્ણ કાર્ય શરૂ કરવામાં આવ્યું છે. રાજ્ય સરકાર કરવીર નગરમાં શ્રી અંબાબાઈ મહાલક્ષ્મી મંદિરનો જીર્ણોદ્ધાર અને ટેમ્પલ કોરિડોરનું નિર્માણ કરી રહી છે. આ પ્રોજેક્ટનો કુલ ખર્ચ ૧,૫૦૦ કરોડ છે અને તેને ૨૮,૦૦૦ ચોરસ મીટરથી વધુ જમીન પર વિકસાવવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે ૭મી સદીમાં સ્થપાયેલા આ પ્રાચીન મંદિરના પુનર્વિકાસ દરમિયાન, પુરાતત્વ વિભાગની સલાહથી આસપાસના આશરે ૪૧ નાના-મોટા મંદિરોના સંરક્ષણ પર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. મંદિર સંકુલ એઆઈ (AI) આધારિત સુરક્ષા કેમેરા, એલઈડી (LED) લાઈટિંગ ડેકોરેશન, આઉટડોર ગેલેરી, હેરિટેજ વોકવે, લાઈટ એન્ડ સાઉન્ડ શો, મલ્ટિપર્પઝ હોલ, અન્નછત્ર, પોલીસ સ્ટેશન અને હેરિટેજ ચોક સહિતની આધુનિક સુવિધાઓ અને સંપૂર્ણ યાત્રાળુ સુવિધાઓથી સજ્જ હશે. શ્રી શાહે ઉમેર્યું હતું કે આ પ્રોજેક્ટ પૂર્ણ થતાં જ કોલ્હાપુરમાં આવેલું આ પવિત્ર તીર્થસ્થળ છ મહિનામાં સંપૂર્ણ વિકસિત આધ્યાત્મિક સ્થળમાં પરિવર્તિત થઈ જશે. આનાથી અંબાબાઈ માતાના લાખો ભક્તોમાં માત્ર ભક્તિની જ્યોત જ ફરી પ્રજ્વલિત નહીં થાય, પરંતુ કોલ્હાપુર અને મહારાષ્ટ્રના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાને જાળવવાની અને પ્રોત્સાહન આપવાની તક પણ મળશે, જે ખાસ કરીને યુવા પેઢીને પ્રેરણા આપશે. તેમણે ઉમેર્યું હતું કે ૧,૫૦૦ કરોડ એ કોઈ મોટી રકમ નથી કારણ કે આવા પવિત્ર સ્થળો-જ્યાં આપણો ઇતિહાસ, આસ્થા અને સંસ્કૃતિ વસે છે-તેનો વિકાસ અને મહિમા તમામ ભારતીયો માટે પ્રેરણા સ્રોત છે.

# શિક્ષણમંત્રી શ્રી ડો. પ્રદ્યુમન વાજાના અધ્યક્ષ સ્થાને યુપીએસસી સિવિલ સર્વિસીસ પરીક્ષા ૨૦૨૫ના સફળ ઉમેદવારોનો સન્માન સમારોહ યોજાયો

**સિવિલ સર્વિસ એ માત્ર નોકરી નથી, પરંતુ રાષ્ટ્ર સેવાનું સર્વોચ્ચ માધ્યમ છે :-શિક્ષણ મંત્રી શ્રી ડો. પ્રદ્યુમન વાજા**



સ્પીપાના પૂર્વ વિદ્યાર્થીઓના વાર્ષિક સ્નેહમિલન સમારોહમાં એલ્યુમની રહેલા અધિકારીઓ, ફેકલ્ટીઝ વગેરે ઉપસ્થિત રહ્યા

## રાજ્યનું ગૌરવ વધારનાર ૨૫ સફળ ઉમેદવારો અને સ્પીપાના તજજ્ઞ ફેકલ્ટી સભ્યોનું ગૌરવપૂર્ણ બહુમાન કરાયું

કમલમ્,
શિક્ષણમંત્રી શ્રી ડો. પ્રદ્યુમન વાજાના અધ્યક્ષસ્થાને ભારતીય સિવિલ સર્વિસીસ પરીક્ષા ૨૦૨૫માં સ્પીપામાંથી તાલીમ મેળવીને સફળતાપૂર્વક ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ અને એસોસિએશન ઓફ સ્પીપા સ્ટુડન્ટ્સ એલ્યુમની (ASSA)નો વાર્ષિક મિલન સમારોહ યોજાયો હતો. અમદાવાદમાં નોલેજ કન્સોર્ટિયમ ઓફ ગુજરાત ખાતે યોજાયેલા કાર્યક્રમમાં વર્ષ ૨૦૨૫ની પરીક્ષામાં સફળતા મેળવી રાજ્યનું નામ રોશન કરનાર તમામ ૨૫ સફળ ઉમેદવારોને મહાનુભાવોના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સાથે જ વિદ્યાર્થીઓને સફળતાના શિખરો સર કરાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપનાર સ્પીપાના વિવિધ વિદ્વાન ફેકલ્ટી સભ્યોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ તકે આઈએએસ તરીકે પ્રમોટ થનાર શ્રી સુધીર પટેલ અને શ્રી દિગંત બ્રહ્મભટ્ટનું પણ બહુમાન કરવામાં આવ્યું હતું. સમારોહ દરમિયાન ઉપસ્થિત ફેકલ્ટી સભ્યો તેમજ સફળ થયેલા ઉમેદવારોએ પોતાના પ્રેરણાદાયી અનુભવો રજૂ કર્યા હતા અને સ્પર્ધાત્મક પરીક્ષાઓની આ કઠિન યાત્રાના સંસ્મરણો વાગોળ્યા હતા. શિક્ષણ મંત્રી શ્રી ડો. પ્રદ્યુમન વાજાએ આ પ્રસંગે પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે સિવિલ સર્વિસની આ સેવાઓ માત્ર એક નોકરી નથી પરંતુ રાષ્ટ્ર સેવાનું સર્વોચ્ચ માધ્યમ છે. લોકશાહીના મહત્વપૂર્ણ સ્તંભ એવા વહીવટીતંત્રના વાહક બનીને આ અધિકારીઓ 'વિકસિત ભારત @2047' ના લક્ષ્યને સાકાર કરવામાં પાયાની ભૂમિકા ભજવશે. તેમણે ઉમેર્યું કે, સરકાર અને સમાજ વચ્ચે સેતુ બનવાનું આ ઉત્તરદાયિત્વ એક ઈશ્વરીય કાર્ય સમાન છે. મંત્રીશ્રીએ સફળતા અને સાર્થકતા વચ્ચેનો ભેદ સમજાવતા અધિકારીઓને આઈક્યુ (IQ)ની સાથે ઈમોશનલ કોશન્ટ (EQ) એટલે કે માનવીય સંવેદના, ધર્મ અને તટસ્થતાને જોડીને કામ કરવા આહવાન કર્યું હતું.

તેમણે વહીવટી ગતિશીલતા દરમિયાન આવતા વિવિધ પડકારો જેમ કે મર્યાદિત સંસાધનો, બદલાતી ટેકનોલોજી અને રાજકીય-સામાજિક દબાણોનો ઉલ્લેખ કરીને જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રેરણાત્મક શબ્દો મુજબ પડકારોથી દૂર ભાગવાને બદલે તેને પડકારશો તો જ જનહિતના કાર્યો પારદર્શિતાપૂર્વક થઈ શકશે. અધિકારીઓએ કોઈપણ ભેદભાવ વિના રાજકીય વિચારધારાથી પર રહી સામાન્ય નાગરિકની સમસ્યાઓનો ઝડપી ઉકેલ લાવવા કટિબદ્ધ થવું પડશે. સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા તાલીમાર્થીઓને પ્રોત્સાહિત કરતા મંત્રીશ્રીએ જણાવ્યું કે, અસફળતા એ નિરાશ થવાનું કારણ નથી પરંતુ 'ફર્સ્ટ એટેમ્પ્ટ ઈન લર્નિંગ' (FAIL) એટલે કે શીખવાનું પ્રથમ પગથિયું છે. તેમણે સ્પીપા (SPIPA) અને એસોસિએશન ઓફ સ્પીપા સ્ટુડન્ટ્સ એલ્યુમની (ASSA)ની છેલ્લા ૧૫ વર્ષની પ્રશંસનીય કામગીરીને બિરદાવી હતી, જે ગ્રામીણ અને અંતરિયાળ વિસ્તારના યુવાનોને યોગ્ય મેન્ટરશિપ અને નેટવર્કિંગ પૂરું પાડી સફળતાના શિખરે પહોંચાડી રહી છે. અંતમાં, તેમણે સ્વામી વિવેકાનંદજીના વિચારોને ટાંકીને ઉમેદવારોને સતત શીખતા રહેવા અને મજબૂત મનોબળ સાથે દેશ સેવાને જીવનનો ધ્યેય બનાવવા પ્રેરણા આપી હતી.

આ પ્રસંગે સ્પીપાના ડાયરેક્ટર જનરલ શ્રી હરીત શુક્લાએ ભાવિ વહીવટી અધિકારીઓને માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે ગુજરાત સરકાર દ્વારા સ્પીપાના માધ્યમથી ઉમેદવારોને દેશની શ્રેષ્ઠતમ તાલીમ સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે, જેના પરિણામે તાજેતરના વર્ષોમાં રાજ્યમાંથી સિવિલ સર્વિસમાં ઉત્તીર્ણ થનારા યુવાનોની સંખ્યા સતત વધી રહી છે. વધુમાં, તેમણે સંસ્થાના આગામી આધુનિક કેમ્પસ અને વિસ્તરણ યોજનાઓની રૂપરેખા આપતા ઉમેર્યું કે, સિવિલ સર્વિસ એ માત્ર એક નોકરી નથી પરંતુ સમાજમાં પ્રતિષ્ઠા સાથે જનસેવા કરવાની જીવનભરની એક અજોડ તક છે; તેમણે તમામ સફળ ઉમેદવારોને અભિનંદન પાઠવી તેમજ તૈયારી કરી રહેલા યુવાનોને માતા-પિતાના આશીર્વાદ અને મજબૂત મનોબળ સાથે પોતાનું સવશ્રેષ્ઠ યોગદાન આપવા આહવાન કર્યું હતું. આ પ્રસંગે નવનિયુક્ત અધિકારીઓને સંબોધતા એસોસિએશન ઓફ સ્પીપા સ્ટુડન્ટ્સ એલ્યુમની(ASSA)ના પ્રમુખ શ્રી દિલીપ રાણાએ UPSC પરીક્ષામાં ઝળહળતી સફળતા મેળવનાર તમામ તેજસ્વી યુવા ઉમેદવારો તેમજ રાજ્ય નાગરિક સેવાઓમાંથી પ્રમોશન મેળવી IAS કેડરમાં સામેલ થયેલા તમામ વરિષ્ઠ અધિકારીઓને સમગ્ર સંસ્થા પરિવાર વતી હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા અને દેશ તેમજ રાજ્યના વહીવટી તંત્રમાં પદાર્પણ કરી રાષ્ટ્ર નિર્માણની આ નવી સફર શરૂ કરવા બદલ ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી. આ સન્માન સમારોહમાં પદ્મશ્રી શાહબુદ્દીન રાઠોડ, ખાણ અને ખનિજ વિભાગના કમિશનર ડો. ધવલ પટેલ, એસોસિએશન ઓફ સ્પીપા સ્ટુડન્ટ્સ એલ્યુમની (ASSA)ના વાઈસ પ્રેસિડેન્ટ શ્રી અલ્પેશ પરમાર અને મેન્ટર શ્રી સતીશ પટેલ, અગ્રણી ભાષા પ્રોફેસર શ્રી સતીષ વ્યાસ, એડીસી બેંકના ચેરમેન શ્રી ક્નુભાઈ દેસાઈ સહિત સ્પીપાના વરિષ્ઠ અધિકારીઓ, નિવૃત્ત અને કાર્યરત વહીવટી પદાધિકારીઓ/અધિકારીઓ, વિવિધ વિષયોના તજજ્ઞ ફેકલ્ટીઓ, સફળ ઉમેદવારો અને સિવિલ સર્વિસીસની તૈયારી કરી રહેલા વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના અધ્યક્ષસ્થાને હળપતિ આવાસ યોજના અંગે બેઠક યોજાઈ

**હળપતિ અને આદિવાસી સમાજના વારસાઈને લગતા પ્રશ્નોનું ઝડપી નિરાકરણ લાવવાનો અનુરોધ કરતા નાયબ મુખ્યમંત્રી**



પ્રોપર્ટી કાર્ડ અને વારસાઈના પ્રશ્નો ઉકેલી 'સ્વામિત્વ યોજના'નો લાભ આપવા તાકીદ

**હળપતિ આવાસને લગતા પ્રશ્નોના અભ્યાસ અને નિરાકરણ માટે વહીવટીતંત્ર, હળપતિ ગૃહ નિર્માણ બોર્ડ, મહાનગરપાલિકા અને જિલ્લા પંચાયતની સંયુક્ત કમિટી બનાવાશે**

કમલમ્,
નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીના અધ્યક્ષસ્થાને સુરત કલેકટર કચેરી ખાતે હળપતિ આવાસ યોજનાના વિવિધ પ્રશ્નો અંગે એક મહત્વની સમીક્ષા બેઠક મળી હતી. આ બેઠકમાં હળપતિ સમાજના ઘરવિહોણા નાગરિકોને ઘરનું ઘર મળે, સુરત શહેર તેમજ સુડા વિસ્તારમાં રહેતા હળપતિ અને આદિવાસી સમાજના લોકોને આવાસ, જમીન અને મકાનના માલિકીના હક્ક મેળવવામાં પડતી મુશ્કેલીઓના નિરાકરણ અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. ગરીબ અને વંચિત હળપતિ પરિવારોને સરકારી વ્યવસ્થા અને નિયમો અનુસાર આવાસના લાભો કોઈ પણ પ્રકારની અડચણ વગર સમયસર મળી રહે તે માટે જરૂરી તમામ વ્યવસ્થાઓ ગોઠવવા નાયબ મુખ્યમંત્રીશ્રીએ સંબંધિત અધિકારીઓને જરૂરી દિશાનિર્દેશો આપ્યા હતા. બેઠક દરમિયાન હળપતિ આવાસ યોજના હેઠળ પાત્રતા ધરાવતા હોવા છતાં જે લાભાર્થીઓને હજુ સુધી લાભ મળ્યો ન હોય તેના ટેકનિકલ અને વહીવટી કારણો જાણીને તેના ત્વરિત નિરાકરણ માટે ગહન ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રશ્નોના કાયમી ઉકેલ માટે વહીવટીતંત્ર, સુરત મહાનગરપાલિકા અને જિલ્લા પંચાયત તંત્ર, હળપતિ ગૃહનિર્માણ બોર્ડ સંયુક્ત રીતે એક વિશેષ કમિટી બનાવવાનો નિર્દેશ આપ્યો હતો. આ કમિટી હળપતિ આવાસના લાભાર્થીઓને યોજનાનો લાભ ન મળવા પાછળના ચોક્કસ કારણો શોધીને તેનો વહેલી તકે ઉકેલ લાવવાની કામગીરી કરશે. આ ઉપરાંત લાભાર્થીઓને પ્રોપર્ટી કાર્ડની નકલો ઝડપથી મળી રહે અને તેમાં સર્જાતી વહીવટી ક્ષતિઓને સત્વરે દૂર કરી અરજદારોને લાભ આપવાની તાકીદ કરી હતી. હળપતિ તેમજ આદિવાસી સમાજના લોકોના વર્ષોથી અટવાયેલા વારસાઈના પ્રશ્નોના કાયમી ઉકેલ માટે જરૂરી સલાહ-સૂચનો અને કાયદાકીય માર્ગદર્શન પૂરું પાડવા બાબતે પણ વહીવટીતંત્રને સૂચના આપવામાં આવી હતી. કેન્દ્ર સરકારની મહત્વકાંક્ષી વડાપ્રધાન સ્વામિત્વ યોજના અંતર્ગત શહેર-જિલ્લામાં યોજનાનો ઝડપથી અમલ થાય તે માટે વહીવટી કામગીરી વેગવંતી બનાવવા જણાવ્યું હતું. લોકોને પોતાના ઘર અને જમીનના માલિકી હક્કના દસ્તાવેજો ઝડપથી મળે તેમજ યોજનાનો મહત્તમ લાભ મળી રહે તે માટે નાયબ મુખ્યમંત્રીશ્રીએ ખાસ ભાર મૂક્યો હતો. બેઠકમાં સાંસદશ્રી મુકેશભાઈ દલાલ, ધારાસભ્યશ્રી મુકેશભાઈ પટેલ, સંદિપભાઈ દેસાઈ, મનુભાઈ પટેલ, સંગીતાબેન પાટીલ, જિલ્લા કલેક્ટરશ્રી તેજસ પરમાર, મનપા કમિશ્નરશ્રી એમ. નાગરાજન, નિવાસી અધિક કલેક્ટરશ્રી વિજય રબારી સહિત વિવિધ વિભાગના અધિકારીશ્રીઓ હાજર રહ્યાં હતા.

# નમો લક્ષ્મી યોજના થકી ગત એક વર્ષમાં વર્ગખંડોમાં ૮૦% હાજરી આપનારી વિદ્યાર્થિનીઓની સંખ્યા ૧,૭૧,૯૮૮ થી વધીને ૨,૯૬,૪૯૫ થઈ, ૭૩%નો વધારો

**નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના થકી ગત એક વર્ષમાં વિજ્ઞાનના વર્ગોમાં ૮૦થી ૧૦૦% હાજરી આપનારા વિદ્યાર્થીઓની સંખ્યા ૧૯,૩૨૪થી વધીને ૪૩,૫૩૩ થઈ, ૧૨૫%નો વધારો**









## નમો લક્ષ્મી યોજના અંતર્ગત અત્યારસુધીમાં કુલ ૧૬૬૪.૦૬ કરોડ અને નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના અંતર્ગત ૨૯૦ કરોડની સહાય ચૂકવવામાં આવી

કમલમ્, ગાંધીનગર,
મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વહેઠળ રાજ્યમાં નમો લક્ષ્મી યોજના અમલી થયા પછી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં હાજરી આપતી કન્યાઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. વિદ્યા સમીક્ષા કેન્દ્રમાં વિદ્યાર્થીઓની ઓનલાઇન હાજરીનું મોનિટરિંગ કરવામાં આવે છે, જે મુજબ મુજબ શાળાઓમાં ધો-૯થી ૧૨ના વર્ગખંડોમાં ૮૦% હાજરી આપતી કન્યાઓની સંખ્યા વર્ષ ૨૦૨૪-૨૫માં ૧,૭૧,૯૮૮થી વધીને વર્ષ ૨૦૨૫-૨૬માં ૨,૯૬,૪૯૫ થઈ છે, એટલે કે ગત એક ૭૩%નો વધારો દર્શાવે છે. નમો લક્ષ્મી યોજનાની સાથે જ રાજ્યના વિદ્યાર્થીઓને વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરવા માટે પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી શરૂ કરવામાં આવેલી નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના અમલી થવાના પણ હકારાત્મક પરિણામો જોવા મળ્યા છે.

વિદ્યા સમીક્ષા કેન્દ્ર દ્વારા આપવામાં આવેલા આંકડા મુજબ, આ યોજનાના કારણે વિજ્ઞાનના વર્ગોમાં ૮૦ થી ૧૦૦% હાજરી આપનારા વિદ્યાર્થીઓની સંખ્યા, ૨૦૨૪-૨૫માં ૧૯,૩૨૪થી વધીને વર્ષ ૨૦૨૫-૨૬માં ૪૩,૫૩૩ થઈ છે, જે ગત એક વર્ષમાં લગભગ ૧૨૫%નો વધારો સૂચવે છે. ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ દેશના વિકાસ માટે ગુણવત્તાયુક્ત શિક્ષણ પર ભાર મૂક્યો છે. તેઓએ કહ્યું છે કે, 'શિક્ષણમાં દેશને સફળ બનાવવાની, દેશનું ભાગ્ય બદલવાની તાકાત રહેલી છે.' ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે શ્રી નરેન્દ્ર મોદીએ શિક્ષણ ક્ષેત્રે કરેલી નક્કર કામગીરીના પગલે આજે ગુજરાતનું શિક્ષણ મોડલ બીજા રાજ્યો માટે ઉદાહરણરૂપ બન્યું છે.

ગુજરાતમાં પ્રાથમિક શિક્ષણનો જે વ્યાપ વધ્યો છે, તેમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી રથયાત્રા કાર્યક્રમે મુખ્ય ભૂમિકા ભજવી છે. શિક્ષણ ક્ષેત્રે તેમણે દર્શાવેલા પથ પર આગળ વધતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ શૈક્ષણિક ક્ષેત્રે વિવિધ નવતર યોજનાઓ અમલી બનાવવામાં આવી છે. આર્થિક મુશ્કેલીઓને કારણે વિદ્યાર્થીઓનું શાળાકીય શિક્ષણ અટકે નહીં અને ધો-૧૨ સુધીનો તેમનો અભ્યાસ પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવાના ઉદ્દેશથી મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના વિદ્યાર્થીઓ માટે નમો લક્ષ્મી યોજના, નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના, મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરિટ સ્કોલરશીપ યોજના અને મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશીપ યોજનાઓ અમલી બનાવી છે.

નમો લક્ષ્મી યોજનાની અસરકારકતા

નમો લક્ષ્મી યોજના અમલી થવાથી વર્ગખંડોમાં વિદ્યાર્થિનીઓની હાજરીમાં સકારાત્મક સુધારો જોવા મળ્યો છે. ધો-૯ થી ૧૨ ના વર્ગખંડોમાં ૮૦% હાજરી આપતી કન્યાઓની સંખ્યામાં ગત એક વર્ષમાં ૧,૨૪,૫૦૭નો વધારો થયો છે, જ્યારે ગત એક વર્ષમાં ફુલ એટલે કે ૧૦૦% હાજરી આપતી વિદ્યાર્થિનીઓની સંખ્યામાં ૬૨,૦૫૯ નો વધારો જોવા મળ્યો છે. આ યોજનાના પરિણામે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણમાં પ્રવેશ મેળવનારી વિદ્યાર્થિનીઓની સંખ્યામાં પણ વધારો થયો છે. પ્રવેશ મેળવનારી વિદ્યાર્થિનીઓની સંખ્યા વર્ષ ૨૦૨૪-૨૫માં ૧૩,૨૯,૭૬૨ થી વધીને વર્ષ ૨૦૨૫-૨૬ માં ૧૩,૯૧,૩૦૮ (અંદાજે ૪.૬૩%નો વધારો) થઈ છે. ખાસ કરીને ધોરણ-૧૨માં સૌથી વધુ ૧૩.૫૯%નો વધારો નોંધાયો છે, જે દર્શાવે છે કે ઉચ્ચતર અભ્યાસ માટે વિદ્યાર્થિનીઓ પ્રેરિત થઈ છે. વધુમાં, નમો લક્ષ્મી યોજના અંતર્ગત અત્યારસુધીમાં લાભાર્થીઓને કુલ ૧૬૬૪.૦૬ કરોડની સહાય ચૂકવવામાં આવી છે.

નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજનાની અસરકારકતા

નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના અમલી થયા પછી ગત એક વર્ષમાં વિજ્ઞાન પ્રવાહના વર્ગખંડોમાં લગભગ ૮૧ થી ૯૯% હાજરી આપતા વિદ્યાર્થીઓની સંખ્યામાં ૨૪,૨૦૯નો વધારો થયો છે, જે હાજર રહેનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં લગભગ ૧૨૫%નો વધારો સૂચવે છે. આ યોજનાના પરિણામે વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યા વર્ષ ૨૦૨૪-૨૫માં ૨,૪૦,૫૫૬થી વધીને વર્ષ ૨૦૨૫-૨૬ માં ૨,૫૫,૮૦૪ (અંદાજે ૬.૩૪%નો વધારો) થઈ છે. ખાસ કરીને ધોરણ-૧૨માં પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં ૧૧.૦૪%નો નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. આ બાબત ગુજરાતના યુવાધનની વિજ્ઞાન અને ટેક્નોલોજી પ્રત્યે વધી રહેલી રૂચિ અને ઉત્સાહ દર્શાવે છે. વધુમાં, નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના હેઠળ અત્યારસુધીમાં લાભાર્થીઓને કુલ ૨૯૦ કરોડની સહાય ચૂકવવામાં આવી છે.

આ બંને યોજનાઓનો ઉદ્દેશ રાજ્યમાં શિક્ષણના સ્તરને વધુ ઉંચે લઈ જવાનો છે. નમો લક્ષ્મી યોજના સુનિશ્ચિત કરે છે કે, વધુ ને વધુ દીકરીઓ પોતાનું સંપૂર્ણ શાળાકીય શિક્ષણ પૂર્ણ કરે અને સાથે જ તેમના માનસિક અને શારીરિક વિકાસમાં કોઈ પણ પ્રકારની ખામી ન રહે. જ્યારે, નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના વિદ્યાર્થીઓને વિજ્ઞાન અને ટેક્નોલોજીના ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા માટે મદદરૂપ થઈ રહી છે. રાજ્યના વિદ્યાર્થીઓ ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવીને આત્મનિર્ભર ભારતના નિર્માણમાં પોતાનું યોગદાન આપે, તેમજ વિકસિત ગુજરાતથી વિકસિત ભારત @2047 નું વડાપ્રધાનશ્રીનું વિઝન સાકાર થાય તે માટે ગુજરાત સરકાર પ્રયાસરત છે.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028